227

**વિકલાંગોના પુર્નવસન માટેનો**
**રાષ્ટ્રીય કાર્યક્રમ**
**(એન.પી.આર.પી.ડી.) ના**
**અમલીકરણ બાબત.**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: અપગ–૧૦૨૦૦૨–૩૨૫૮–છ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ: /૧૨/૨૦૦૩

2 3 DEC 2003

**<u>વંચાણે લીધા :–(૧)</u>** ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય નવી દિલ્હીના તા:૨૭/૪/૦૦ ના અ.સ.પત્ર નં.૧–૯૯/આરજીબી.પીકેએસ/ડીઆરસી.

(૨) ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા અને ન્યાય મંત્રાલયના તા.૮/૧/૨૦૦૧ નો પત્ર ક્રમાંક નં.૧૬–૨૪/૨૦૦૦/એનપીઆરપીડી/ડીઆરસી. તા:૨૮/૨/૦૨ નો અ.સ.પત્ર નં. ૧૬.૨૪/૨૦૦૦/

(૩) ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતાના તા.૨૮–૨–૦૨ના પત્ર નં.અસંપ નં.૧૬–૨૪/૨૦૦૦/ એનપીઆરપીડી/ડીઆરસી.

(૪) નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતાના તા.૨–૫–૦૩ ના પત્ર ક્રમાંક:સસખા/એનપીઆરપીડી/૦૩–૦૪/૮૮.

**<u>આ મુ ખ :–</u>**

વિકલાંગો માટે પુર્નવસનની યોજનાકીય કામગીરી મુખ્યત્વે શહેરી વિકલાંગો માટે થતી આવી છે. પછાત અને ગ્રામ્ય વિસ્તારમાં ઓછું ધ્યાન આપવાને કારણે વિકલાંગોને મળવા જોઈતા લાભથી વંચિત રહે છે. આ વિસ્તારના વિકલાંગો સમાજના એક સામાન્ય માનવી જેવા કુશળ અને ક્ષમતાવાન ગણવામાં આવતા નથી. ગ્રામીણ વિકલાંગોને સેવા નહિવત પુરી પાડવામાં આવે છે. જેથી તેઓ પોતાની નાના રોજગાર, સ્વરોજગાર, શિક્ષણ જેવી પાયાની જરુરીયાતોથી વંચિત રહી ગયા છે તેવા ગ્રામીણ વિકલાંગોને યોગ્ય સાધનો અને

//૨//

૨૫૩

ઉપકરણો અને તેના અસરકારક ઉપયોગ કરવાની તાલીમ, વ્યવસાયિક તાલીમના માર્ગદર્શન ધ્વારા ઉત્પાદકીય કાર્ય માટે સહભાગી બનાવવા તેઓને પ્રત્યક્ષ આર્થિક ઉપાર્જન નહિ પણ તેમના જીવનધોરણ ઉચ્ચતર બનાવશે. પુર્નવસનના અલગ અલગ તબકકાઓમાં વિકલાંગોનું નિવારણ, વહેલી પરખ, સામાજીકરણ, આર્થિક પુર્નવસન, સંકલિત શિક્ષણ, સહાયક સેવાઓ, સહાયક સાધનો તેમની જરુરીયાતના ધોરણે પુરા પાડવા વગેરે મુખ્ય બાબતોને આવરી લેવાશે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારના વિકલાંગોને શોધી તથા તેમનું યોગ્ય સામાજીકરણ અને સામાજિક પુર્નવસનની યોજના રાજયમાં અમલ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

<u>ઠ રા વ</u> :–

વિકલાંગ માટે કેન્દ્ર / રાજય સરકાર તેમજ સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓની જાણકારી વિકલાંગ વ્યકિતઓને મળે અને તેનો લાભ મેળવી શકે તે માટે સમાજ સુરક્ષા ખાતા ધ્વારા વિકલાંગ યોજનાના ભાગરુપે ભારત સરકારે ગ્રામીણ વિસ્તારના વિકલાંગોને શોધી તેમનું યોગ્ય સામાજિકરણ અને સામાજિક પુર્નવસન યોજના તથા શિક્ષણ , આરોગ્ય, તાલીમને લગતી વિવિધ જાણકારી તાલુકા/ ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ થાય તે હેતુથી વિકલાંગજનોના પુર્નવસન માટેના રાષ્ટ્રીય કાર્યક્રમ અમલમાં મૂકવાનું નકકી કરેલ છે. આ યોજના હેઠળ ભારત સરકાર તરફથી આમુખમાં દર્શાવેલ ક્રમાંક (૨) અને (૩) થી ગ્રાન્ટ રાજય સરકારને ફાળવેલ છે. જે ગ્રાન્ટનો ખર્ચ કરવા યોજનાનો ઢાંચો નકકી કરી કયા ઢાંચામાં અમલ કરવું તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આ યોજનાનો અમલ કરવા માટે નીચે મુજબનો ઢાંચો કરવાનું નકકી કરવામાં આવે છે. આ યોજના રાજયના તમામ જિલ્લાઓ એટલે કે ૨૫ જિલ્લાઓમાંથી જરુરીયાતના ધોરણે પસંદગી કરીને અમલ કરવાનું રહેશે. આ યોજના હેઠળ આવેલ ગ્રાન્ટને આધિન તાલુકા / જિલ્લાની પસંદગી એક જ તબકકામાં કરવાની રહેશે.

૨. આ યોજનાના અમલીકરણ માટે દેખરેખ રાખવા રાજય કક્ષાએ સુપરવાઈઝીંગ કમિટિની રચના કરવામાં આવે છે. જેમાં આ પ્રોજેકટ હેઠળની કામગીરી માટે રાજય સ્તરની સગવડો તથા સાધનો પુરા પાડી યોજનાના અસરકારક અમલીકરણની સમીક્ષા દર છ માસના ગાળા માટે કરવામાં આવશે. આ સમિતિ, મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે રચવામાં આવે છે. જેમાં નીચેના અધિકારીઓનો સમાવેશ કરવામાં આવે છે.

//૩//

(૧) મુખ્ય સચિવશ્રી — અધ્યક્ષ
(૨) અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં) — સભ્ય
(૩) અધિક મુખ્ય સચિવશ્રી (આરોગ્ય) — સભ્ય
(૪) અધિક મુખ્ય સચિવશ્રી (શ્રમ અને રોજગાર) — સભ્ય
(૫) અગ્ર સચિવશ્રી (શિક્ષણ) — સભ્ય
(૬) સચિવશ્રી (સા.ન્યા.અને અ.લિ.) — સભ્ય
(૭) અંધજન કલ્યાણ મંડળના એક પ્રતિનિધિ — સભ્ય
(૮) નિયામકશ્રી, સમાજ સુરક્ષા — સભ્ય—સચિવ

૩. ૨૧. કાર્યક્રમના પ્રભાવશાળી અમલીકરણ માટે નોડલ એજન્સીની નિમણૂક, સ્વૈચ્છિક સંસ્થાઓની પસંદગી કરવી, કાર્યક્રમના અમલીકરણ માટે જરુરી વહીવટી તેમજ નાણાંકીય મંજુરી આપવી વિગેરે બાબતો અંગે નીચે દર્શાવ્યા મુજબ કાર્યવાહક સમિતિની રચના કરવામાં આવે છે.

(૧) સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/ અધિક મુખ્ય સચિવશ્રી — અધ્યક્ષ
(૨) કમિશનરશ્રી, રોજગાર અને તાલીમ — સભ્ય
(૩) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ — સભ્ય
(૪) અંધજન મંડળ, અમદાવાદના પ્રતિનિધિ — સભ્ય
(૫) અપંગોના કલ્યાણ ક્ષેત્રે કામ કરતા બે પ્રતિનિધિ — સભ્યો

ઉપર જણાવેલ અ.નં. (૨) થી (૪) આગળ જણાવેલ અધિકારીઓ પોતે અથવા તેમના વતી સંયુકત / નાય બ નિયામકશ્રી કક્ષાના અધિકારીને આ અંગે નિયુકત કરે, તેમણે આ સમિતિમાં કામગીરી બજાવવાની રહેશે. તથા નિયામક સમાજ સુરક્ષા સમિતિના સભ્ય સચિવશ્રીની તરીકે કામગીરી બજાવશે. તથા બીન સરકારી સંસ્થાના પ્રતિનિધિની નિમણૂક હવે પછી કરવામાં આવશે.

૪. કાર્યવાહક સમિતિના પ્રોજેકટના અમલીકરણ માટે પસંદગી પામેલ સંસ્થાઓ તથા સરકાર સાથે કો.ઓર્ડીનેશન માટે નોડલ એજન્સી નિયુકત કરશે અને આ નોડલ એજન્સી પસંદગી પામેલ સ્વૈચ્છિક સંસ્થાઓની કામગીરીનું સંકલન કરશે તથા પ્રોજેકટના અમલીકરણ માટેની સમસ્યા તથા મુશ્કેલીઓના નિરાકરણ માટેની કામગીરી કરશે. તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી કામગીરીના માસિક અહેવાલ મેળવીને સંકલિત અહેવાલ તૈયાર કરીને

230



નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત કાર્યવાહક સમિતિને રજૂ કરશે. વિકલાંગજનોના પુર્નવસન માટે રાષ્ટ્રીય કાર્યક્રમ અંતર્ગત ભારત સરકાર તરફથી મળેલ રૂ. ૩૫૪.૪૦ની ગ્રાન્ટ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાના પી. ડી. એ.માં જમા છે. જે ગ્રાન્ટનો આ યોજના હેઠળ ખર્ચ કરવાની નીચેની શરતોએ આથી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) કાર્યવાહક સમિતિ ધ્વારા અંધજન મંડળ, અમદાવાદને નોડલ એજન્સી તરીકે નિયુક્તિ કરવામાં આવશે. આ નોડલ એજન્સીનું મુખ્ય કાર્ય સરકાર અને પ્રોજેકટના અમલીકરણ માટે પસંદગી પામેલ સંસ્થાઓ વચ્ચે સંકલન કરવાનું રહેશે. નોડલ એજન્સીની મુખ્ય ઓફિસ અંધજન મંડળ, અમદાવાદ રહેશે.

<u>આ કચેરી નીચે મુજબના કાર્યો કરશે :–</u>

(૧) સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા પસંદગી પામેલ સુપરવાઈઝર અને ફિલ્ડ વર્કરોને એક માસની ટ્રેનીગ આપવી.

(૨) સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા આ યોજના હેઠળ જે કાર્ય કરવામાં આવે તેનો અહેવાલ દર માસના અંતે દરેક સંસ્થા પાસેથી નોડેલ એજન્સી મેળવશે.

(૩) આ સંસ્થાઓના અહેવાલના આધારે વિસ્તૃત સંકલિત અહેવાલ કાર્યવાહક કમિટિની બેઠકમાં રજુ કરી જરુરી માર્ગદર્શન મેળવશે.

(૪) કાર્યવાહક સમિતિ ધ્વારા અપાયેલ સૂચનાઓને ધ્યાનમાં લઈ તેના આધારે પરિપત્ર તૈયાર કરી આ યોજના હેઠળ જિલ્લા કક્ષાએ ફરજ બજાવતી સ્વૈચ્છિક સંસ્થાઓને જરુરી સૂચનાઓ આપશે અને તે સૂચનાઓ મુજબ અને નિયત કરેલ લક્ષ્યાંકો મુજબ કામગીરી થઈ રહેલ છે કે કેમ તેની જાણ કાર્યવાહક સમિતિને કરશે.

(૫) દરેક જિલ્લામાં આ યોજના અમલીકરણ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી બહોળી પ્રસિધ્ધિ ધ્વારા અરજીઓ મંગાવી કાર્યવાહક સમિતિ ધ્વારા પસંદગી પામેલ જે તે જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાને આ યોજનાની કામગીરી સોંપવામાં આવશે.

(૬) સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા જિલ્લાઓમા તાલુકાના ગામોની સંખ્યા અને ભૌતિક

//૫//

વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને તાલુકા દીઠ વધુમાં વધુ ૧ સુપરવાઈઝર અને ૧૨ ફીલ્ડવર્કરોને નિયત કરેલ લાયકાતને ધ્યાનમાં રાખીને પસંદ કરીને નિમણૂક આપવાની રહેશે. આ યોજના અંગે સરકારશ્રી તેમજ નોડલ એજન્સી ધ્વારા આપવામાં આવેલ સૂચનાઓ અને નિયમો પ્રમાણે તાલુકા સ્તરે સુપરવાઈઝર અને ફિલ્ડવર્કર પાસેથી કામ લેશે અને જિલ્લા સ્તરે આ યોજનાનું સંપૂર્ણ સુપરવીઝન, વહીવટ તથા મોનીટરીંગ જે તે સ્વૈચ્છિક સંસ્થાએ કરવાનું રહેશે.

(૭) સરકારશ્રી ધ્વારા નિયત કરેલ ધારાધોરણ પ્રમાણે આ સંસ્થાઓ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા પાસેથી સીધી ગ્રાન્ટ મેળવશે અને આ ગ્રાન્ટના હિસાબોનું ઓડીટ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસેથી કરાવીને નિયામક, સમાજ સુરક્ષાને હિસાબો રજૂ કરવાના રહેશે.

૨. સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા નિમણૂક માટે સુપરવાઈઝર તથા ફીલ્ડ વર્કર નીચે મુજબની લાયકાત નિયત કરવામાં આવે છે.

(૧) સુપરવાઈઝર—ગ્રેજયુએટ, ગ્રામીણ વિસ્તારના સંબંધિત કામગીરીનો અનુભવ ધરાવતી વ્યકિત.
(૨) ફીલ્ડ વર્કર—હાયર સેકન્ડરી પાસ.
(૩) સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા નિમણૂક પામેલ ફિલ્ડવર્કર ધ્વારા પુનઃસ્થાપન કાર્યક્રમના અમલ માટે નીચેની કામગીરી કરવાની રહેશે.

(૧) વિકલાંગ વ્યકિતઓની મોજણી કરવી અને તેની જરુરીયાતો જાણવી.
(૨) વિકલાંગોને મળવાપાત્ર લાભોની જાણકારી તથા મુકત હલનચલન, રોજીંદી કામગીરી, ગૃહ વ્યવસ્થા વિગેરે માટે જરુરીયાત આધારીત સેવાઓ પુરી પાડવી.
(૩) વિકલાંગતા નિવારવા માટે સ્થાનિક સ્વાસ્થ્ય સંસ્થાઓ શિબિર યોજવી, વિકલાંગતા અટકાવવા વિકલાંગની શારિરીક તપાસ, વિકલાંગ શસ્ત્રક્રિયા સ્થાનિક પ્રચાર / પ્રસાર માધ્યમો ધ્વારા વિકલાંગતા વિશે માહિતગાર કરવા.
(૪) વિકલાંગોને સામાજિક, શૈક્ષણિક સંસ્થાઓમાં બીન વિકલાંગ બાળકો જોડે કાર્ય કરવા પ્રોત્સાહિત કરવા તથા તેઓને શિક્ષકોના સંપર્ક કરવા અને સાધન સહાય પુરા પાડવામાં મદદરુપ થવું.

//૬//

(૫) વાલીઓસાથે પરામર્શ કરવો, તાલીમ જનજાગૃતિ વિશેષતઃ ગ્રામ્ય લોકોને શિક્ષિત કરી વિકલાંગોના પ્રશ્નો વિષે જાણકારી આપવી.

(૬) ગ્રામ્ય વિકાસલક્ષી જે તે ક્ષેત્રના નિષ્ણાંતોની સેવા મળી શકે તે માટે પ્રયત્નો કરવા તથા ટેકનીકલ સાધનો પુરા પાડવા તેમજ અન્ય સેવાઓની મદદ લેવી. જેથી ગ્રામીણ વિકલાંગોને વિકાસમાં મદદરુપ થવા પાયાની કામગીરી કરવી.

(૭) વિકલાંગોના આર્થિક પુનઃસ્થાપન માટે તેઓનું વ્યકિતગત હુન્નર અને કાર્યકુશળતા તથા સ્થાનિક વાતાવરણને ધ્યાને લઈ તેઓને ગૃહ ઉદ્યોગો, ગ્રામ્ય કક્ષાએ ખેતીવાડી તથા વ્યવસાયોની તાલીમ અંગે માર્ગદર્શન આપવું.

(૮) વિકલાંગોની સ્વરોજગારી માટે સલાહસૂચનો આપવા તથા તેઓને નોકરી ધંધો મેળવી શકે તે માટે મદદરુપ થવું.

(૯) વિકલાંગોને કામધંધામાં સાંકળવા તથા જુદી જુદી યોજનાઓના લાભો તથા સવલતો મેળવવામાં મદદરુપ થવું.

(૪) વિકલાંગજનોના પુર્નવસન માટેના સંખ્યાબધ્ધ કાર્યક્રમ હેઠળ ફીલ્ડ સુપરવાઈઝર, ફિલ્ડવર્કર્સ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓને નીચે જણાવેલ વિગતે ચૂકવણી કરવામાં આવશે.

(૧) આવર્તક ખર્ચઃ

| અ.નં. | સ્ટાફ | સંખ્યા | દર મહિને | વાર્ષિક અંદાજી ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| :અ: | સ્ટાફ | | | |
| (૧) | ફીલ્ડ સુપરવાઈઝર | ૧ | ૬૦૦૦ | ૭૨,૦૦૦/- |
| (૧) | ફીલ્ડ વર્કસ | ૧૨ | ૨૦૦૦ | ૨,૮૮,૦૦૦/- |
| | | | | ૩,૬૦,૦૦૦/- |
| :બ: | મુસાફરી : | | | |
| (૧) | ફીલ્ડ સુપરવાઈઝર | ૧ | ૨૦૦૦ | ૨૪,૦૦૦/- |
| (૨) | ફીલ્ડ વર્કર | ૧૨ | ૧૦૦૦ | ૧,૪૪,૦૦૦/- |
| | | | | ૧,૬૮,૦૦૦/- |
| :ક: | વહીવટી ખર્ચ : | | | |
| (૧) | વહીવટ | | ૨૫૦૦ | ૩૦,૦૦૦/- |
| (૨) | પ્રિન્ટીગ અને સ્ટેશનરી | | ૨૦૦૦ | ૨૪,૦૦૦/- |
| | | | | ૫૪,૦૦૦/- |

(૨) <u>અનાવર્તક ખર્ચ :</u>

૨. કર્મચારીઓની તાલીમ માટેનો ખર્ચ.

વિકલાંગજનોના પુર્નવસન માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમની યોજના માટેનો તાલીમ કાર્યક્રમ દરેક તાલુકા માટે ૪ આંગણવાડીઓની તાલીમ.

| ફીલ્ડ વર્કર્સ | દિવસ | રુપિયા દૈનિક | કુલ |
|---|---|---|---|
| ૧૯ | ૩૦ | ૭૦ | ૩૯,૯૦૦/– |

| | | | |
|---|---|---|---|
| મોડેલ | પ્રવાસ | તથા મુલાકાત | ૧૨,૧૦૦/– |
| | | કુલ (૨) | ૫૨,૦૦૦/– |
| ~~૧.~~ | ~~મોટર સાયકલ (૧)~~ | | ~~૭૫,૦૦૦/–~~ |
| ~~૨.~~ | ~~સાયકલ (૧૨)~~ | | ~~૨૪,૦૦૦/–~~ |
| | | કુલ : | ~~૯૯,૦૦૦/–~~ |

<u>કુલ અનાવર્તક ખર્ચ :</u>

| | |
|---|---|
| કુલ ખર્ચ (૧) આવર્તક (અ,બ,ક) | ૫,૮૨,૦૦૦/– |
| (૨) અનાવર્તક | ૧,૨૧,૦૦૦/– |
| (૩) દરેક તાલુકા માટે થનાર કુલ ખર્ચ : | ૭,૦૩,૦૦૦/– |

(૩) <u>સેન્ટ્રલ ઓફિસ :</u>

| અ.નં. | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક ખર્ચ | વાર્ષિક ખર્ચ |
|---|---|---|---|---|
| ૧. | કો.ઓર્ડીનેટર્સ | ૬ | ૭૦૦૦/– | ૫,૦૪,૦૦૦/– |
| ૨. | આસી.કો.ઓર્ડીનેટર્સ | ૩ | ૫૦૦૦/– | ૧,૮૦,૦૦૦/– |
| ૩. | સ્ટાફનો પ્રવાસ ખર્ચ | ૯ | ૨૦૦૦/– | ૨,૧૬,૦૦૦/– |
| ૪. | પ્રિન્ટીંગ અને સ્ટે. | – | ૬૦૦૦/– | ૭૨,૦૦૦/– |
| | | | કુલ : | ૯,૭૨,૦૦૦/– |

ઉચ્ચક પગાર તથા પ્રવાસભથ્થુ જે તે મહિનામા ખરેખર કરેલ કામગીરીને ધ્યાને લઈને આપવાનું રહેશે. આ યોજના માટે ખર્ચ ભારત સરકાર તરફથી મળેલ એન.પી.આર.પી.ડી. યોજના હેઠળની ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે. અને વપરાશનું પ્રમાણપત્રક (યુટીલાઈઝેશન સર્ટીફીકેટ) નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ ભારત સરકારને બારોબાર મોકલવાના રહેશે.

૮. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તારીખ: ૩/૧૨/૨૦૦૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નંદકિશોર પટેલ)
ઉપસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, સા.ન્યા.અને અ.ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી (સ.સુ.) ખાતુ,ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એ.જી. અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- પસંદગી ફાઈલ.
- નાયબ સેક્શન અધિકારીશ્રીની પસંદગી ફાઈલ.

૧૦૩/સીએચએચ. ૨૨૦